dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 165 | AD - 2025, Fagan Vad- 07 | Friday, Dt.21-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







### બીજાપુર જિલ્લામાં ૨૬ અને કાંકેર જિલ્લામાં ૪ નક્સલીઓને પોલીસે વીંધી નાખ્યા

# છત્તીસગઢમાં બે એન્કાઉન્ટરમાં ૩૦ નક્સલીઓને ઠાર મરાયા

**બીજાપુર ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડનો એક જવાન શહીદ**

બીજાપુર,તા.૨૦

છત્તીસગઢના બીજાપુર જિલ્લાના ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું છે. માહિતી આપતાં, બીજાપુર પોલીસે જણાવ્યું કે બીજાપુર ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડનો એક સૈનિક શહીદ થયો છે. બીજાપુરમાં નક્સલીઓ સાથેની અથડામણમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા છે. બીજી તરફ, કાંકેરમાં સૈનિકો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું જેમાં ચાર નક્સલવાદીઓ માર્યા ગયા છે. તમામ ૩૦ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

બીજાપુર અને દાંતેવાડાની સરહદ નજીક ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઓવાદી વિરોધી કાર્યવાહી માટે એક સંયુક્ત ટીમ નીકળી હતી. આ કાર્યવાહી દરમિયાન તા.૨૦ના રોજ સવારે ૭ વાગ્યાથી માઓવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો. એન્કાઉન્ટર સ્થળેથી ૨૬ નક્સલીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. બીજી તરફ, એન્કાઉન્ટરમાં બીજાપુર ડીઆરજીનો એક સૈનિક શહીદ થયો છે. એન્કાઉન્ટર બાદ સર્ચ ઓપરેશન ચાલુ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બીજાપુર અને દાંતેવાડાની સરહદ પર આવેલા જંગલ વિસ્તાર ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારના ટોડકા આંદ્રી જંગલમાં નક્સલીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ એન્કાઉન્ટરમાં નક્સલીઓને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગુરુવારે બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા હતા. દરમિયાન, અન્ય એક કાર્યવાહીમાં, કાંકેર જિલ્લામાં ૪ નક્સલીઓ માર્યા ગયા. જોકે, દુ:ખદ સમાચાર એ છે કે આ ઓપરેશનમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના એક જવાને પણ પોતાનો જીવ ગુમાવ્યો છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપી હતી કે બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરર ચાલી રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર,



બીજાપુરના ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા બીજાપુર અને દાંતેવાડા જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, બીજાપુરમાં એન્કાઉન્ટર ત્યારે શરૂ થયું જ્યારે સુરક્ષા દળોની સંયુક્ત ટીમ ગંગાલુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નક્સલ વિરોધી કાર્યવાહી પર હતી. સવારે ૭ વાગ્યાથી, આ વિસ્તારમાં નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે સમયાંતરે ગોળીબાર ચાલુ રહ્યો. આ પછી, ૨૬ નક્સલીઓ માર્યા ગયા.

અધિકારીઓએ માહિતી આપી છે કે નક્સલવાદીઓ સાથેની અથડામણમાં બીજાપુર ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના એક જવાનનું મોત નિપજ્યું છે. સુરક્ષા દળોને એન્કાઉન્ટર સ્થળેથી બે નક્સલીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં એન્કાઉન્ટર અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

આ પ્રસંગે ગૃહમંત્રી અમિત શાહે ભારતને નક્સલમુક્ત બનાવવા અંગે મોટું નિવેદન આપ્યું છે. ગૃહમંત્રીએ કહ્યું કે આવતા વર્ષે ૩૧ માર્ચ પહેલા દેશ નક્સલ મુક્ત થઈ જશે.

સુરક્ષા દળોની આ મોટી સફળતાના અવસર પર ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા હેન્ડલ X પર પોસ્ટ કરી. તેમણે કહ્યું કે, આજે આપણા સૈનિકોએ નક્સલ મુક્ત ભારત અભિયાનની દિશામાં બીજી મોટી સફળતા મેળવી છે. છત્તીસગઢના બીજાપુર અને કાંકેરમાં આપણા સુરક્ષા દળોના બે અલગ અલગ ઓપરેશનમાં ૩૦ નક્સલીઓ માર્યા ગયા છે.

અમિત શાહે વધુમાં કહ્યું કે, મોદી સરકાર નક્સલવાદીઓ સામે નિર્દય વલણ અપનાવી રહી છે અને શરણાગતિથી લઈને સમાવેશ સુધીની તમામ સુવિધાઓ હોવા છતાં શરણાગતિ ન આપનારા નક્સલવાદીઓ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી રહી છે. આવતા વર્ષે ૩૧ માર્ચ પહેલા દેશ નક્સલ મુક્ત થવા જઈ રહ્યો છે.

બીજાપુરમાં નક્સલીઓ સામે કરવામાં આવેલી કાર્યવાહી અંગે રાજ્યના ગૃહમંત્રી વિજય શર્માએ જણાવ્યું હતું કે, દાંતેવાડાના બીજાપુરના ગંગાલુરમાં સવારથી એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. ૨૬ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. નક્સલીઓ સાથે થયેલી અથડામણમાં એક સૈનિક શહીદ થયો છે. તેમણે શહીદ સૈનિકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને કહ્યું કે, છત્તીસગઢની સરકાર શહીદ સૈનિકના પરિવાર સાથે ઉભી છે. સૈનિકોની તાકાતને કારણે, એક મોટું ઓપરેશન સફળ થયું છે. નક્સલવાદથી મુક્ત થવાની વાત કરતા તેમણે કહ્યું કે, બીજાપુર નક્સલવાદનો એક મોટો વિસ્તાર છે. બીજાપુર લાલ આતંકથી મુક્ત થશે.

આ એન્કાઉન્ટર સાથે, વર્ષ ૨૦૨૫ માં છત્તીસગઢના વિવિધ ભાગોમાં એન્કાઉન્ટરમાં ૧૦૦ થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે. વર્ષ ૨૦૨૫ માં, ૧ માર્ચ સુધીમાં, ૮૩ નક્સલીઓ માર્યા ગયા હતા. તે જ સમયે, ગુરુવારે અત્યાર સુધીમાં ૨૬ નક્સલીઓના મોતના સમાચાર સામે આવ્યા છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૪માં છત્તીસગઢમાં ૨૦૦ થી વધુ નક્સલીઓ માર્યા ગયા હતા. અત્રે નોંધનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છત્તીશગઢને નકસલમુકત કરવાનું વચન આપ્યુ છે.






## ચારધામ યાત્રા ૩૦ એપ્રિલથી ચાલુ થશે, ઓનલાઈન નોંધણી શરૂ

બદ્રીનાથ,તા.૨૦

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ માટે ઓનલાઈન નોંધણી ગુરુવારથી શરૂ થઈ ગઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના હિમાલયના મંદિરો અને હેમકુંડ સાહિબના શીખ મંદિરની મુલાકાત લેવા માંગતા ભક્તો હવે ઉત્તરાખંડ પ્રવાસન વિકાસ પરિષદની વેબસાઈટની મુલાકાત લઈને નોંધણી કરાવી શકે છે. ચારધામ યાત્રા ૩૦ એપ્રિલે ઉત્તરકાશી જિલ્લામાં ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના દરવાજા ખોલવાની સાથે શરૂ થશે. રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલું કેદારનાથ ૨ મેના રોજ શ્રદ્ધાળુઓ માટે ખુલશે, જ્યારે બદ્રીનાથ ૪ મેના રોજ શ્રદ્ધાળુઓ માટે અને ચમોલી જિલ્લામાં આવેલું હેમકુંડ સાહિબ ૨૫ મેના રોજ શ્રદ્ધાળુઓ માટે ખુલશે. મહાશિવરાત્રીના પવિત્ર તહેવાર પર, બાબા કેદારનાથના શિયાળુ સ્થાન ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરમાં પરંપરાગત પ્રાર્થના કર્યા પછી, ધાર્મિક ગુરુઓ અને વેદપંથીઓએ પંચાંગ કરીને કેદારનાથ મંદિરના દરવાજા ખોલવા માટે શુભ સમયની ગણતરી કરાઈ હતી. આ પરંપરાગત પૂજા માટે, ઓમકારેશ્વર મંદિરને ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું.













# ભરડીયાની વિરૂધ્ધમાં બાબરાના ખાખરીયા ગામના લોકોએ રોષભેર આવેદન પાઠવ્યું

અમરેલી, તા.૨૦



બાબરા તાલુકાનાં ખાખરીયા ગામે આવેલ ભરડીયાના કારણે ખેડૂતોની ફળદ્રુપ જમીન નામશેષ થવાનાં આરે છે જેથી ભરડીયાની વિરૂધ્ધમાં ગ્રામજનોએ કલેકટરને રોષભેર આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે, સરકારી પડતર જમીનમાંથી પથ્થર કાઢવા માટીની લીઝનું કામ શરૂ થતું હોય જેથી ભરડીયાની આજુબાજુમાં આવેલી ખેડૂતોની ફળદ્રુપ જમીનોને ભારે નુકસાન થાય છે. તેમજ ખેતીપાકમાં પણ મોટાપાયે દુષણ થાય છે. આ ભરડીયો ગામની ખુબ જ નજીક હોય અને મોટા વાહનો પસાર થતાં હોય તેથી અકસ્માત થવાનો ભય રહે છે. આમ ખાખરીયા ગામના લોકોએ ભરડીયાની વિરૂધ્ધમાં રોષભેર આવેદનપત્ર પાઠવી જો ન્યાય નહી મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

# વડીયામાં ગરીબોના રેશનકાર્ડ બંધ થતા વિવાદ, યુથ કોંગ્રેસ મહામંત્રીએ કરી રજૂઆત

**જરૂરિયાતમંદોને પુનઃ અનાજ વિતરણ શરૂ કરવાની માંગ સાથે નાયબ મામલતદારને પત્ર લખ્યો**

અમરેલી, તા.૨૦

વડીયામાં જરૂરિયાતમંદ કુપન ધરાવતા લોકોના રેશનકાર્ડમાં અનાજ વિતરણ બંધ થતા વિવાદ સર્જાયો છે. અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી ડોડિયા જુનેદ ડી.એ. નાયબ મામલતદાર-વડીયાને પત્ર લખીને આ અંગે રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે, છેલ્લા બે-ત્રણ મહિનાથી અનેક કુપનધારકોના રેશનકાર્ડમાં અનાજ વિતરણ બંધ કરવામાં આવ્યું છે. જે લોકોને જરૂર નથી તેમના રેશનકાર્ડ બંધ કરવા યોગ્ય છે, પરંતુ જરૂરિયાતમંદોના રેશનકાર્ડ શા માટે બંધ કરવામાં આવ્યા તે સમજાતું નથી. કોઈ તપાસ કે માહિતી લીધા વિનાનું આ પગલું અન્યાયી છે. ડોડિયા જુનેદે ફિરોઝ બાવદિનભાઈ પરિયટનું ઉદાહરણ આપ્યું છે, જેઓ બીપીએલ કાર્ડ ધારક છે અને રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. તેમણે આ અંગે ૧૦ દિવસ પહેલા લેખિતમાં રજૂઆત કરી હતી, પરંતુ હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. યુથ કોંગ્રેસ મહામંત્રીએ સરકારની રાશન આપવાની જાહેરાતો અને વહીવટી તંત્રના આ પગલાંને વિરોધાભાસી ગણાવ્યા છે. તેમણે તપાસ કરીને ગરીબોને ન્યાય આપવા અને પુનઃ રેશન વિતરણ શરૂ કરવાની માંગ કરી છે.

# સાવરકુંડલામાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ૩૦૦૦ ચકલીઘરનું વિતરણ

સાવરકુંડલા, ૨૦



વિશ્વ ચકલી દિવસ નિમિત્તે, સાવરકુંડલામાં વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ૧૪ વર્ષથી, ટ્રસ્ટ નિયમિત રીતે ૩૬૫ દિવસ ચકલીઘર ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરે છે. આ વર્ષે, ટ્રસ્ટે ૩૦૦૦ ચકલીઘરનું વિતરણ ચાલુ કરેલ છે, જેથી ચકલીઓને કાયમી નિવાસ મળે અને તેમની વંશવૃદ્ધિ થાય તે માટે ચકલીઘરનું વિનામૂલ્યે વિતરણ ટ્રસ્ટની ઓફિસ, વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ, એરટેલ સ્ટોર નીલકંઠ શોપિંગ સેન્ટર હોમગાર્ડ કચેરી સામે, મહુવા રોડ, સા.કુંડલા ખાતેથી કરવામાં આવી રહ્યું છે.

# રાજુલાના ડુંગર ગામે ગેરકાયદેસર વીજ જોડાણ લેનાર શખ્સને ઝડપી પાડતી પોલીસ

અમરેલી, તા.૨૦



રાજુલાનાં જાફરાબાદ પંથકમાં છેલ્લા ચાર દિવસથી ગેરકાયદેસર વીજજોડાણ લેનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસની કડક કાર્યવાહીથી અસામાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહીના આદેશ આપ્યા બાદ અસામાજીક તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. છેલ્લા ચાર દિવસથી રાજુલા અને જાફરાબાદ પંથકમાં પોલીસ અને પીજીવીસીએલની સંયુક્ત ટીમ દ્વારા ગેરકાયદેસર વીજજોડાણ લેનારાઓ સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યનાં માર્ગદર્શન નીચે ડુંગર પીએસઆઈ પલાસ તથા પીજીવીસીએલ સ્ટાફ દ્વારા ગામમાં રહેતા શબીર ઉર્ફે પોપટીયો મોમીન ગાહાનાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર વીજજોડાણ હોવાથી પોલીસે આ શખ્સ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# પૂર્વ પરવાનગી વિના વેચાણ રાખેલ જમીન નિયમબધ્ધ કરવા તા. ૩૧ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૦

ગણોતધારાની જોગવાઈઓ હેઠળ ટ્રસ્ટ તથા કંપનીઓ દ્વારા પૂર્વ પરવાનગી વિના વેચાણ રાખેલ જમીન નિયમબદ્ધ કરવાની અરજીઓ તા.૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં કરવી. રાજ્ય સરકારના મહેસુલ વિભાગના તા.૧૫-૩-૨૦૨૪ના જાહેરનામાથી ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૮ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ- ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ અંતર્ગત પબ્લિક ટ્રસ્ટ અથવા સખાવતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાના ઉદ્દેશ્યથી કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ નોંધાયેલ કંપની ગણોતધારાની જોગવાઈઓ મુજબ પૂર્વ પરવાનગી વિના ખરીદવામાં આવેલ જમીનનું વેચાણ નિયમબદ્ધ કરવા માટે અરજી કરવાની સમય મર્યાદા તા.૩૧ માર્ચ, ૨૦૨૫ નિયત થયેલ છે.

# સાવરકુંડલાનો શખ્સ પ્રોહિબિશનની પ્રવૃત્તિ કરતા પાસા તળે જેલ હવાલે

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લા પોલીસ છેલ્લા ૪ દિવસથી અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરી છે. ગેરકાયદેસર વીજ જોડાણ, શરીર સંબધી ગુના આચરનાર સહિતના શખ્સો સામે ગુનો નોંધી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આવા અસામાજીક તત્વો સામે વધુ કડક કાર્યવાહી કરવા માટે કમર કસી છે. અમરેલી એલસીબી પીઆઈ કોલાદરાએ પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતા અલ્પેશ ઉર્ફે આલ્કુ બાવચંદ ઉનાવા રહે. સા.કુંડલાવાળા વિરૂધ્ધ પુરાવા એકત્ર કરી પાસાની દરખાસ્ત જિલ્લા પોલીસ વડાએ તૈયાર કરતા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અલ્પેશ ઉનાવાને પાસા તળે ભુજની પાલારા જેલમાં મોકલી આપવાનો હુકમ કરેલ છે.

# અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન યોજાશે

અમરેલી, તા.૨૦

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સર્વ જ્ઞાતિ સમાજના ઉપમા સમૂહલગ્નનું સુમન સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા તા. ૨૮-૬-૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવેલ છે. માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક-યુવતીઓને વિનામૂલ્યે લગ્ન સરકારના સમૂહલગ્ન સાતફેરા યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે. લગ્ન નોંધણી વહેલા તે પહેલા કરવામાં આવશે. નીચેના સરનામે મંડળ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ શ્રીરામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, હરીરામ હોલસેલ માર્કેટ, દુ.નં. ૧૩, પહેલા માળે, અમરેલી ૯૩૭૪૭૩૪૮૨૦ તેમજ પરશોતમભાઈ એન. મકવાણા મો. ૯૪૨૮૭૯૮૬૪૭ તથા રમેશભાઈ આર. ડાભી મો. ૯૧૦૪૪૧૯૬૪૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# લીલીયા મોટા આંગણવાડી કેન્દ્રમાં ઝેરી કોબ્રા નીકળ્યો, સરપંચે કર્યું રેસ્ક્યૂ

લીલીયા, તા.૨૦



લીલીયા મોટા અમરેલી રોડ પર આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ૧૦ ના રસોડા વિભાગમાં ઝેરી કોબ્રા નીકળતા બાળકો અને આંગણવાડી કર્મચારીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ ઘટનાની જાણ આંગણવાડી સંચાલિકા માધવીબેન જોષીએ લીલીયાના જીવદયા પ્રેમી અને સરપંચ જીવનભાઈ વોરાને કરી હતી. સરપંચ જીવનભાઈ વોરા તાત્કાલિક આંગણવાડી કેન્દ્ર નંબર ૧૦ પર પહોંચ્યા અને જીવના જોખમે ઝેરી સાપને બરણીમાં પકડ્યો હતો. સરપંચે ઝેરી સાપને રેસ્ક્યૂ કરતાં આંગણવાડીના બાળકો અને સંચાલિકા બહેનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં સ્ટાર્ટઅપ સેમિનાર યોજાયો

અમરેલી, તા.૨૦



શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં સ્ટાર્ટઅપ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે આશિષભાઈ મોરડિયાએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવાની રીતો, ભંડોળ મેળવવાના સ્ત્રોતો અને જરૂરી ઓનલાઈન પ્લેટફોર્મ વિશે વિગતવાર માહિતી આપી હતી. મોરડિયાએ Ola, Zomato, Swiggy, Shopsy, Meesho અને Rapido જેવી સફળ કંપનીઓના ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. તેમણે PPT પ્રેઝન્ટેશન દ્વારા સ્ટાર્ટઅપ શરૂ કરવાની તકો અને પડકારો વિશે સમજ આપી અને ફોર્મ ભરવા માટે ઉપયોગી વેબસાઈટ્સની માહિતી પણ આપી હતી. સેમિનારના અંતે પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા ટીમને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવી હતી.

# બગસરામાં ગેરકાયદેસર વીજજોડાણ લેનાર બે શખ્સો સામે કાર્યવાહી કરતી પોલીસ

**પોલીસે વીજબીલની રકમ રૂા.૩૫૦૦૦ ભરપાઈ કરવા કાર્યવાહી કરી**

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી અસામાજીક તત્વો સામે પોલીસ ઘોંસ બોલાવી રહી છે. જિલ્લાનાં ૧ ૧ ૩ અસામાજીક તત્વોની યાદી તૈયાર કર્યા બાદ બગસરા પોલીસે પણ આવા ઈસમો સામે કડક હાથે કામગીરી શરૂ કરી છે. બગસરા શહેરમાં ગેરકાયદેસર વીજ કનેકશન તેમજ વીજચોરી કરતા બે ઈસમોનાં ઘરે તપાસ કરતા પોલીસે ભુરો અલારખ કાળવાતર અને મહમદ ઉર્ફે વાંદરી ઓસમાણ કાળવાતરનાં રહેણાંક મકાને તપાસ કરતાં ગેરકાયદેસર વીજ કનેકશન હોવાનું માલુમ પડતા વીજબીલનાં રૂા.૩૫૦૦૦ અંગે બગસરા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વંડા પોલીસ મથકની હદમાં આવતા ત્રણ ઈસમોનાં ઘરે ગેરકાયદે વીજજોડાણ ઝડપાયું

**પોલીસ અને પીજીવીસીએલ ટીમની સંયુક્ત કાર્યવાહી**



અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી અસામાજીક તત્વોને પોલીસનો જાણે કોઈ ડર જ ન હોય તેમ બેરોકટોક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા હતા. જોકે આવા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા માટે ડીજીપી વિકાસ સહાયે ૧૦૦ કલાકમાં અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવા માટે આદેશ આપ્યો હતો. ડીજીપીનાં આદેશ બાદ અમરેલી જિલ્લા પોલીસ એક્શન મોડમાં આવી હતી. જિલ્લામાં ૧૧૩ અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવામાં આવી હતી. જે અન્વયે વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોનાં રહેણાંક મકાને વંડા પોલીસ અને સાવરકુંડલા પીજીવીસીએલ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવતા સતિષ કાળુ રહે.પીયાવા, ગૌતમ નરેન્દ્રભાઈ ખુમાણ રહે. સેંજળ અને નરેન્દ્રભાઈ સુરગભાઈ ખુમાણ રહે.સેંજળવાળાનાં રહેણાંક મકાને ગેરકાયદેસર વીજજોડાણ પકડાતા પોલીસે ત્રણેય આરોપી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

# બગસરામાં ૧૫ દિવસ પહેલા બનેલા સીસી રોડમાં કાંકરા ઉખડી જતાં ભ્રષ્ટાચારના આક્ષેપ

બગસરા, તા.૨૦



તસવીર : હાર્દિક બામટા

બગસરામાં નગરપાલિકાએ ભ્રષ્ટાચારની હદ વટાવી હોય તેમ અનેક સારા રસ્તાઓ તોડીને નવા બનાવવાનું કામ ચાલુ છે. થોડા સમય પહેલા જ બનેલો જુના સ્વામિનારાયણ મંદિર બગલી ચોકવાળો સારો રોડ તોડી નવો બનાવ્યો હતો. આ રસ્તો બનાવ્યો તેને ફક્ત ૧૫ દિવસ જેટલો સમય થયો છે ત્યારે આ રસ્તાના હાલ બેહાલ થઈ ગયા છે. આ રોડ આશિયાના કન્ટ્રક્શન દ્વારા ચાર લાખ રૂપિયાના ખર્ચે રિસર્ફેસીંગ કરાયો હતો, હાલમાં આ રસ્તાની હાલત અતિ બીસ્માર થઈ ગઈ છે. આ રસ્તા ઉપરથી કાંકરીઓ નીકળી ખાડા પડી ગયા છે, પરંતુ પાલિકાએ આ કન્સ્ટ્કશન કંપની સામે કોઈપણ કાર્યવાહી કરેલી નથી. પ્રજાના પૈસાનો ધુમાડો કરી નાખ્યો હોય કે પછી સત્તાધીશોએ પોતાના ખિસ્સા ભર્યા છે, તેવા અનેક પ્રકારના સવાલો લોકો દ્વારા ઊઠી રહ્યા છે. જિલ્લાના ઉપરી અધિકારી આવા તમામ રસ્તાઓનું ચેકિંગ કરે તો ઘણો બધો ભ્રષ્ટાચાર સામે આવે એમ છે. જો આવા ભંગાર હાલતમાં બનાવેલા રસ્તાને ફરી નવો બનાવવામાં નહીં આવે તો સત્તાધીશો વિરુદ્ધ આંદોલન કરી નગરપાલિકાને ઘેરાવ કરવાની લોકો દ્વારા ચીમકી આપવામાં આવી છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

અરવિંદભાઇ (બાબુભાઈ) ઘોઘાભાઇ બુસાના ધર્મપત્ની સ્વ.મધુબેન (ઉ.વ.૫૦) તા.૧૯-૦૩-૨૦૨૫ બુધવારના રોજ દેવલોક પામેલ છે. સદગતનું બેસણું તા.૨૧-૦૩-૨૦૨૫, શુક્રવારે સાંજે ૪ થી ૬ - સોમનાથ મહાદેવ મંદિર શિવાલય સાનિધ્યની સામે, તપસી હોટલની સામે, ૬૬ ફુટ રોડ, કોઠારીયા રીંગ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા,**

મોહનભાઈ રણછોડભાઈ જાદવનું તા.૧૭/૩/૨૫ ના રોજ અવસાન થયેલ છે. તે ભરતભાઈ મોહનભાઈ જાદવના પિતાશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૧/૩/૨૫ના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન ભરતભાઈ પેટીવાળા, ગણેશવાડી હાથસણી રોડ ખોડિયાર ચોક સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# જિલ્લામાંથી અડધો ડઝન પ્યાસી ઝડપાયા

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી છ શરાબીને ઝડપી કાયદાનું ભાન કરાવ્યું હતું. ભાકોદર ગામેથી બે, રાજુલા, જુની કાતર, અમરેલી અને ટીંબી ચેક પોસ્ટ પરથી એક-એક શરાબી ઝડપાયા હતા. ડુંગર ગામેથી એક લીટર તથા સનાળી ગામેથી ૩ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# ધારીમાં જન્મજાત તકલીફ વાળા બાળકનું સરકારી યોજના અંતર્ગત વિનામૂલ્યે સફળ ઓપરેશન થયું

ધારી, તા.૨૦



ધારી તાલુકાના ભાડેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ ગધઈપરા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તા.૦૩/૦૩/૨૦૨૫ ના રોજ એક બાળકનો જન્મ થયેલ. જેમાં બાળકને બર્થ ડિફેક્ટ-ઈમ્પર્ફોરેટેડ એનસ જણાતાં ધારી તાલુકા ડેડીકેટેડ આર.બી.એસ.કે. ટીમના મેડિકલ ઓફિસર ડો. વરૂણ દેવમુરારી, ડો. ફેની ચંદારાણા, એ.એન.એમ. અવની ટીલાવત, ફિમેલ હેલ્થવર્કર ઉષાબેન પરડવા, મેલ હેલ્થવર્કર મેહુલ પરમાર, આશાવર્કર નિમુબેન રાઠોડ દ્વારા સંકલન કરી બાળકને સંદર્ભ કાર્ડ કઢાવી અમરેલી જિલ્લા શાળા આરોગ્ય વિભાગમાંથી વિનામૂલ્યે તાત્કાલિક મંજૂરી કઢાવી બાળકને સર્જરી કરવા માટે રીફર કરવામાં આવેલ. જ્યાં બાળકનું તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ સફળતાપૂર્વક વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવેલ. ઓપરેશન બાદ બાળક હવે સંપૂર્ણ સ્વસ્થ છે. આવા ઓપરેશનનો ખર્ચ અંદાજે રૂ. ૩૫,૦૦૦ થી ૮૦,૦૦૦ સુધીનો થતો હોય પરંતુ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકનું તદ્દન વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવેલ છે.

# સાવરકુંડલાની વિદ્યાર્થિનીએ યુનિવર્સિટીમાં સંસ્કૃતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું

સાવરકુંડલા, તા.૨૦



નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિની ખીમસુરિયા એકતા કનુભાઈએ સંસ્કૃત વિષયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સાવરકુંડલાનું ગૌરવ વધાર્યું છે. એપ્રિલ ૨૦૨૪માં લેવાયેલી સેમેસ્ટર ૬ની પરીક્ષામાં એકતાએ આ સિદ્ધિ મેળવી છે. તેમને સરસ્વતીબેન જયંતીલાલ ભટ્ટ જૂનાગઢ દ્વારા સંસ્કૃત પ્રાઈઝ પણ એનાયત કરવામાં આવ્યું છે. એકતાની આ વિશેષ સિદ્ધિ બદલ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તેમજ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા છે.





AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com

Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૨૭/૨૦૨૪

**અરજદાર :-** શ્રી જેઠાભાઈ વિરજીભાઈ વઘાસિયા
રહે. મેડી, તા.જી. અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મેડી, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદારશ્રી જેઠાભાઈ વિરજીભાઈ વઘાસિયા તેઓના ભાણેજ ઘનશ્યાભાઈ બાલુભાઈ વોરાની જન્મ (તા.૧૪/૦૮/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# રાજયકક્ષાની સ્પર્ધાના સ્પર્ધકોને રોકડ પુરસ્કાર માટે અરજી કરવા અનુરોધ

અમરેલી,તા.૨૦

રમતોની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ (અંડર-૧૪,૧૭,૧૯) અને સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હોય, ભાગ લીધો હોય તેવા મહિલા ખેલાડીઓ મહિલા રોકડ પુરસ્કાર મેળવવા માટે અરજી કરી શકશે. સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આપવામાં આવતા મહિલા રોકડ પુરસ્કાર યોજના વર્ષ ૨૦૨૪-૨૫ માટે તા.૧૭ એ અરજી કરવાની છેલ્લી તારીખ છે. કોઈ પણ એક જ રમત તેમજ એક જ સિધ્ધિ માટે મહિલા રોકડ પુરસ્કાર આપવામાં આવશે. મહિલા રોકડ પુરસ્કાર યોજના માટેનું ફોર્મ ખેલાડી ઓનલાઈન https://sprotsauthroity.gujarat.gov.in પર ભરી શકશે. આ માટે મેરિટ સર્ટિફિકેટ, આધાર કાર્ડ, કેન્સલ ચેક સહિત જરુરી પ્રમાણપત્ર અને વિગતો સાથે રાખવી. વિવિધ રમતોની રાજ્યકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અને સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હોય તેવા અમરેલી જિલ્લાના મહિલા ખેલાડીઓને ઉક્ત અરજી કરવા અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠકકર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


## નામ બદલાવેલ છે

આથી હું **પંકજકુમાર મધુભાઇ પુનતીયા** જાહેર કરૂ છુ કે, મે મારૂ નામ **પંકજ મધુભાઇ પુનતીયા** માંથી બદલાવીને **પંકજકુમાર મધુભાઇ પુનતીયા** (નવું) કરેલ છે. અને હવે પછીથી હું **પંકજકુમાર મધુભાઇ પુનતીયા** તરીકે ઓળખાઇશ.

સહી : **પંકજકુમાર મધુભાઇ પુનતીયા**
સરનામું : મું. છભાડીયા, તા.લાઠી, પો.દામનગર, જી.અમરેલી પીન. ૩૬૫૨૨૦

## નામ બદલાવેલ છે

આથી હું **નેહા પંકજકુમાર પુનતીયા** જાહેર કરૂ છુ કે, મે મારૂ નામ **નેહા પંકજ પુનતીયા** માંથી બદલાવીને **નેહા પંકજકુમાર પુનતીયા** (નવું) કરેલ છે. અને હવે પછીથી હું **નેહા પંકજકુમાર પુનતીયા** તરીકે ઓળખાઈશ.

સહી : **નેહા પંકજકુમાર પુનતીયા**
સરનામું : મું. છભાડીયા, તા.લાઠી, પો.દામનગર, જી.અમરેલી પીન. ૩૬૫૨૨૦

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૨૮/૨૦૨૪

**અરજદાર :-** શ્રી જેઠાભાઈ વિરજીભાઈ વઘાસિયા
રહે. મેડી, તા.જી. અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મેડી, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદારશ્રી જેઠાભાઈ વિરજીભાઈ વઘાસિયા તેઓના ભાણેજ શોભીનીબેન બાલુભાઈ વોરાની જન્મ (તા.૨૩/૦૪/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૨૬/૨૦૨૪

**અરજદાર :-** શ્રી મનસુખભાઈ ખોડાભાઈ વઘાસિયા
રહે. મેડી, તા.જી. અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મેડી, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદારશ્રી મનસુખભાઈ ખોડાભાઈ વઘાસિયા તેઓના ભત્રીજા અરવિંદભાઈ બાબુભાઈ વઘાસિયાની જન્મ (તા.૦૫/૦૬/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ નોંધ અરજી રજી.નં.૨૨/૨૦૨૫

**અરજદાર :-** (૧) શ્રી આતમભાઈ મુકેશભાઈ મોઢવાળીયા
રે.ભેંસવડી, તા.લીલીયા, જિ.અમરેલી મો-૮૭૨૫૪ ૧૪૯૭૫

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી- **-વ-** જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ભેંસવડી, તા.લીલીયા, જિ. અમરેલી

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ભેંસવડી ગામના રહીશ શ્રી આતમભાઈ મુકેશભાઈ મોઢવાળીયા એ તેમના પુત્રીનો જન્મ ભેંસવડી મુકામે તા.૧૨/૧૦/૨૦૧૪ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી આતમભાઈ મુકેશભાઈ મોઢવાળીયાના પુત્રી કિરણ આતમભાઈ મોઢવાળીયાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૨૦૧૪માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

# બગસરામાં ગટરનો પાઈપ તૂટી જતા ગંદકીથી લોકો તોબા પોકારી ઉઠ્યાં

બગસરા તા.૨૦



બગસરા જિનપરા વિસ્તારમાં વોંકળાના કાંઠે ગટરનો પાઈપ તૂટી જતા ગંદકીએ સામ્રાજ્ય જમાવ્યું છે જેનાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકાને લેખિત તથા મૌખિક અનેકવાર રજૂઆત કરવા છતાં સત્તાધીશો મૌન સેવી રહ્યા છે. વોંકળાના કાંઠે સંરક્ષણ દિવાલ કરવામાં આવે તેવી માંગ સાથે લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. આ વિસ્તારમાં હાલ ઘણા સમયથી નગરપાલિકાની ગટરનો પાઈપ તૂટી જતા સમગ્ર શહેરની ગટરનું પાણી જીનપરા વોંકળા વિસ્તારમાં પસાર થાય છે જેના લીધે ત્યાંના લોકો આ ગટરના પાણીની દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ગયા છે. દિવાલના અભાવે અનેક વખત ઘરોમાં પાણી ઘૂસી જવા તેમજ ઘણા સમયથી સફાઈના આભાવે અનેક જીવજંતુઓનો પણ વસવાટ થઈ ગયો હોવાનું પણ લોકોએ જણાવ્યું હતું.

# સાવરકુંડલા પંથકમાં ગેરકાયદે વીજ જોડાણ લેનાર સામે પોલીસની કાર્યવાહી

**પીજીવીસીએલની ટીમે ગેરકાયદે વીજ જોડાણ લેનાર સામે ગુનો નોંધ્યો**

અમરેલી, તા.૨૦

રાજય પોલીસ વડા દ્વારા અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવાનો આદેશ આપ્યા બાદ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનનાં તાબા હેઠળ આવતા ગામોમાં સ્થાનિક પોલીસ અને પીજીવીસીએલ દ્વારા ગેરકાયદે વીજજોડાણની તપાસ કરવામાં આવી રહી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા તાલુકા પોલીસ દ્વારા વિવિધ ગામોમાં



અસામાજીક તત્વોની યાદી તૈયાર કરી તપાસ શરૂ કરવામાં આવી છે. સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોનાં રહેણાંક મકાને સાવરકુંડલા તાલુકા પોલીસ તથા વીજપડી પીજીવીસીએલ ટીમના કર્મચારીઓને સાથે રાખી ગેરકાયદેસર વીજજોડાણ અંગે તપાસ કરતા કિશોર બાઘા પરમાર રહે.ગોરડકા તા. સાવરકુંડલાવાળાનાં રહેણાંક મકાનમાંથી ગેરકાયદે વીજજોડાણ ઝડપાતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# બાબરાના સમઢીયાળા ગામે પાળો બાંધવા મુદ્દે બબાલ થઈ

બાબરા, તા.૨૦

બાબરાના સમઢીયાળા ગામે પાળો બાંધવા મુદ્દે બબાલ થઈ હતી. આ અંગે પ્રભાતભાઈ ખોડાભાઈ મુંધવા (ઉ.વ.૫૦)એ હકાભાઈ નાજાભાઈ સુસરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની વાડીએ ગયા હતા. તેમની વાડીની બાજુમાં પાણીની ગટર આવેલી હતી. ત્યાં પાળાનું કામ ચાલુ હોવાથી તેની બાજુની જમીનનું વાવેતર કરતા આરોપી હાજર હતા. જેથી તેમણે કહ્યું કે 'પાળો વચ્ચોવચ બાંધવાનો છે'. જેથી તેમણે કહ્યું કે 'આ જમીનનો વહીવટ હું જ કરૂ છું, તારે શું છે' તો તેમણે કહ્યું કે 'પાળો તો વચ્ચે જ કરવાનો છે.' જેથી આરોપીને સારૂ ન લાગતા એકદમ ઉશ્કેરાઈને તેમની પાસે આવી ધક્કો મારી પછાડી દઈ મુંઢ ઈજા કરી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એમ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ડુંગર ગામે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ કાર્યક્રમ યોજાયો, ખેડૂતોની બહોળી હાજરી

અમરેલી,તા.૨૦

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા રાજુલાના ડુંગર ગામે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ અને પ્રદર્શનના માધ્યમથી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવા અને પ્રાકૃતિક કૃષિના જુદા જુદા ફાયદાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. રાજુલા, સાવરકુંડલા અને જાફરાબાદ તાલુકાના વિવિધ



ગામના ખેડૂતોને કૃષિ નિષ્ણાંતો દ્વારા પ્રાકૃતિક ખેતી, પ્રાકૃતિક ખેતીથી થતાં ફાયદાઓ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરી ખેડૂતો વધુ આવક મેળવી શકે તે માટે હાથ ધરવાના પગલાઓ સૂચવવામાં આવ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે વિગતવાર જાણકારી આપવાની સાથે વિવિધ પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ સ્ટોલ તથા પ્રાકૃતિક ખેત પેદાશોનું નિદર્શન પણ રાખવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના અનુભવોની અન્ય ખેડૂતો સાથે આપ-લે કરી હતી. અમરેલી આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશભાઈ ઝીડના માર્ગદર્શન તળે કાર્યક્રમ યોજાયો હતો.

# જનક તળાવીયાએ વાંડળિયા ગામે તળાવના રિપેરીંગ માટે રૂ.૭૩.૩૭ લાખ મંજૂર કરાવ્યા

બાબરા, તા.૨૦

લાઠી બાબરા દામનગરના વિવિધ કામોને ધ્યાને લઈને લાઠી બાબરા દામનગર પંથકમાં અનેક વિકાસના કામો ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા કરવામાં આવી રહ્યા છે. બાબરા તાલુકાના વાંડળિયા ગામે પણ તળાવના રિપેરીંગ માટે રૂ. ૭૩.૩૭ લાખ જેવી રકમ સરકારમાંથી મંજૂર કરાવતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો લોકોએ આભાર માન્યો



હતો. તળાવની રિપેરીંગ કામગીરીમાં ઓગન કવરીંગ, માટી પાળાનું કામ અને પીચીંગના કામનો સમાવેશ થાય છે. આ ગ્રાન્ટ મંજૂર થતા આ વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# જાફરાબાદના વઢેરા ગામે પતિએ પત્નીને માથામાં સ્ટીલની બરણી મારી

**તારે એકને જ કેમ મિટિંગ છે કહી ગાળો પણ આપી**

જાફરાબાદ, તા.૨૦

જાફરાબાદના વઢેરા ગામે એક મહિલાને તેના પતિએ તારે એકને જ કેમ મિટિંગ હોય છે તેમ કહી ગાળો બોલી માથામાં સ્ટીલની બરણી મારી હતી. બનાવ અંગે સંતોષબેન બાંભણીયા (ઉ.વ.૩૫)એ પતિ અશ્વીનભાઈ રણછોડભાઈ બાંભણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને જાફરાબાદ ખાતે આંગણવાડીની મિટિંગમાં જવાનું હતું. જેથી તેઓ ઘરે આંગણવાડીના રજીસ્ટર લખતા હતા તે દરમિયાન પતિ આવીને તારે એકને જ કેમ મિટિંગ હોય છે તેમ કહી માથાકૂટ કરી ગાળો આપવા લાગ્યો હતો. ઉપરાંત બાજુમાં પડેલી સ્ટીલની બરણી માથામાં મારી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી. બારૈયા વધુ તપાસ કરી રહ્યા છે. હાલ વડીયામાં રહેતા જયશ્રીબેન ઉર્ફે ટીનુબેન વાળા (ઉ.વ.૩૫)એ ધારીના મોણવેલ ગામે રહેતા પતિ વિપુલભાઈ માધાભાઈ વાળા સામે શારીરિક માનસિક ત્રાસ આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી તથા ગાળાગાળી કરીને ફટકારતાં હોવાની ફરિયાદ નોંધાવી હતી.

# ધારીના ઝર ગામે રહેતા વેપારીએ અમરેલીના ડોક્ટર સામે ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૨૦

હાલ અમદાવાદના રાણીપમાં રહેતા અને મૂળ ધારીના ઝર ગામે રહેતા વેપારીએ અમરેલીના ડોક્ટર સામે ફરિયાદ નોંધાવી હતી. જયસુખભાઈ ઉર્ફે બાવચંદભાઈ જીણાભાઈ સોલંકીએ ડો.મિથીલભાઈ રમેશભાઈ ફળદુ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપીએ અલગ અલગ સમયે રોકડમાં રૂ.૫૦,૦૦,૦૦૦- બે ટકાના વ્યાજ દરે આપી તેમના પિતાની અલગ-અલગ જમીનના બે દસ્તાવેજો બળજબરીપૂર્વક મેળવી લીધા હતા. આ રકમ તથા વ્યાજની તેમની પાસે વારંવાર ઉઘરાણી કરી તે વ્યાજ તેમજ રકમ તેમની પાસે નહોતા. જેથી તેમના પિતાની ઝર ગામે આવેલી જમીનનો દસ્તાવેજ કરાવી લીધો હતો. ઉપરાંત લાઈસન્સ ન હોવા છતા તેમને કુલ રકમ રૂ.૫૪,૦૦,૦૦૦- વ્યાજે આપી વ્યાજ મુદલ સહિતની માંગણી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જી. ચોચા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં પુરુષને ૫૦ લાખની ખંડણી નહી આપે તો જાનથી મારી નાખીશ કહી ધમકી આપી

**હાલ મુંબઈ રહેતા પુરુષે બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૦

રાજુલામાં એક પુરુષને ખંડણી નહીં આપો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બનાવ અંગે હાલ મુંબઈમાં રહેતા મૂળ મહુવાના બીપીનકુમાર ધીરજલાલ જગડા (ઉ.વ.૬૦)એ ચંદ્રકાંતભાઈ ગંગાદાસભાઈ સંઘવી તથા જયરાજભાઈ બિચ્છુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા ચંદ્રકાંતભાઈ ગંગાદાસભાઈ સંઘવીની માલિકીની મિલ્કત મુદ્દે કોર્ટમાં દાવો ચાલતો હતો. આ મિલ્કત જર્જરીત થઈ પડી ગયેલ હતી અને આરોપી તેમની પરવાનગી વગર ચણતરકામ કરતા હતા. જેથી તેમણે ચણતરકામ બંધ કરાવવાનું કહેવા જતા જેમ ફાવે તેમ ગાળો આપી હતી. રાજુલા કોર્ટમાં ગેઈટ પાસે તેમને ભોગવટાની મિલ્કત જોઈતી હોય તો રૂ.૫૦,૦૦,૦૦૦ આપવાની અને ખંડણી નહી આપે તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી.

રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૨૧-૦૩-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૨૪,
સૂર્યાસ્ત-૦૬:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૧-૦૩-૨૦૨૫ શુક્રવાર

મેષ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે.

મિથુન: લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમયનો યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ઉકેલાશે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિક: આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.

મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવા મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાથી સંતોષ રાખીને દિવસનો લાભ લઈ શકાય છે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામ ઉત્સાહ સાથે કરશો તે પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીન: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે.

# રાજુલા પંથકમાં આધેડે યુવતીને સિંગર બનાવવાની લાલચ આપી દુષ્કર્મ આચર્યું

**યુવતીએ આધેડ સામે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૦

રાજુલા પંથકમાં યુવતીને સિંગર બનાવવાની લાલચ આપી નરાધમે દુષ્કર્મ આચર્યું હતું. તેમજ મુખમૈથુન કરાવી શરીર પર બચકાં ભર્યા હતા અને નગ્ન ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. બનાવ અંગે પીડિતાએ રાજુલામાં રહેતા મહેશભાઈ ઉર્ફે જાની હરિશંકરભાઈ જાખરા (ઉ.વ.૭૦) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેમને સિંગર બનાવવાની લાલચ આપી, ગીતનું શૂટિંગ કરવા માટે અમદાવાદ જવાનું કહ્યું હતું. રાજુલા મુકામે તેમની બહેન જયશ્રીના મકાનના રૂમમાં તથા અમદાવાદના પાલડી મુકામે આવેલી ગોપી હોટલના રૂમમાં અસંખ્ય વાર બળજબરી કરી, કપડા ઉતારી, તેમની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. તેમજ તેમની મરજી વિરૂધ્ધ બળજબરીથી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરી, ગાલ, ખભા, પીઠ, સાથળના ભાગે બચકાં ભરી ઈજા પહોંચાડી હતી. તેના નગ્ન ફોટો વાયરલ કરવાની તથા તેને અને તેના પરિવારજનોને મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી.ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાપડીયા આશ્રમ પાસે ટ્રકે ટક્કર મારતાં પતિ-પત્ની ઈજાગ્રસ્ત થયા

બાબરા, તા.૨૦

બાબરાના તાપડીયા આશ્રમ પાસે ટ્રકની ટક્કરથી દંપતી ઘાયલ થયું હતું. બનાવ અંગે અમરાપરામાં રહેતા જગદીશભાઈ ઠાકરશીભાઈ સાથલપરા (ઉ.વ.૩૫)એ ટ્રક નંબર જીજે ૦૩ બી.ડબલ્યુ. ૫૩૨૩ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા ઠાકરશીભાઈ સાથલપરા તથા માતા શારદાબેન સાથલપરા બન્ને મોટર સાયકલ નંબર જીજે. ૦૧ ડી.પી. ૧૪૫૦ લઈ રાત્રીના આશરે આઠેક વાગ્યે વાડીએ જતા હતા. તે દરમિયાન બાબરા તાપડીયા આશ્રમની સામે રોડ ઉપર ટ્રક રજી.નં.જી.જે.૦૩ બી.ડબલ્યુ. ૫૩૨૩ ના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમના પિતા તથા માતાને ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૩૨/૨૦૨૪

**અરજદાર :-** શ્રી કસવાળા બાલુભાઈ રાજાભાઈ
રહે. કમીગઢ, તા. જી. અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કમીગઢ, તા.જી.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કમીગઢ ગામમાં અરજદારશ્રી કસવાળા બાલુભાઈ રાજાભાઈ તેઓના પુત્ર કસવાળા ઘનશ્યામભાઈ બાલુભાઈની જન્મ (તા.૦૨/૦૬/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૨/૨૦૨૪ તા.૧૫/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.સવિતાબેન ધીરુભાઈ વેકરીયા
રહે. દેતડ તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી દેતડ, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **અમુભાઈ ધીરુભાઈ વેકરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭** ના રોજ મુ. દેતડ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૬/૨૦૨૪ તા.૧૫/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.કૈલાસબેન મોહનભાઈ ડોબરીયા વાઈફ ઓફ ઝાલાવાડીયા રમણીકભાઈ
રહે. એ/૧, ૯૦૪, યોગી હાઈટસ, મંગલમ પાસે, યોગીચકો, સુરત-૩૮૫૦૧૦

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના **કૈલાસબેન મોહનભાઈ ડોબરીયાનો જન્મ તા.૧૨/૦૫/૧૯૭૨** ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**સગર સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આવેદન**

# ગંગા મૈયા વિશે અભદ્ર ટિપ્પણી કરનાર શખ્સ સામે કડક કાર્યવાહી કરવા માગ ઉઠી

**વહેલી તકે કાર્યવાહી નહી કરવામાં આવે તો જલદ આંદોલનની ચીમકી**

અમરેલી,તા.૨૦

ગંગા મૈયા વિશે અભદ્ર ટિપ્પણી કરનાર સ્વામિનારાયણ સંપ્રદાયના હરિ પ્રબોધમ ગ્રુપના ભક્ત પર કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. આ અંગે



હરિભક્તના વિરોધમાં સમસ્ત સગર સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આવેદન અપાયું હતું. આ હરિભક્તના એક વાયરલ વીડિયોને લઈને સગર સમાજમાં રોષનો માહોલ જોવા મળ્યો છે. જો આ અંગે વહેલી તકે કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સમગ્ર સમાજ આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે જલદ આંદોલન કરશે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે સ્વામિનારાયણના ભક્તો અવારનવાર વિવાદમાં રહે છે.

# કાગધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ધારાસભ્ય મહેશ કસવાલાએ કરી વિધાનસભામાં માગણી

સાવરકુંડલા,તા.૨૦

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિધાનસભામાં કવિ દુલા ભાયા કાગની જન્મભૂમિ મજદારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, રાજુલા તાલુકાના મજાદર ગામે માત્ર એક વસવાટના હોવા છતાં લોકસાહિત્ય અને ગુજરાતી સંસ્કૃતિને ઉજાગર કરનાર લોક કવિ દુલા ભાયા



કાગની જન્મભૂમિને કાગધામ તરીકે તત્કાલીન મુખ્યમંત્રી અને આજના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ માન્યતા આપી આ પવિત્ર ભૂમિ પ્રત્યે શ્રદ્ધા દર્શાવી હતી. અહીં હજારો કાગ પ્રેમીઓ દર વર્ષે તેમની સ્મૃતિમાં અને તેમની કૃતિ પ્રત્યેની લાગણીઓ દર્શવવા આવે છે. આ સંસ્કૃતિના પવિત્ર તીર્થ ક્ષેત્રને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સને ૨૦૨૩માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી સરકારમાં રજૂઆત થઇ હતી. આ રજૂઆતના સંદર્ભે હાલ વિધાનસભામાં સત્ર શરૂ હોય જેમાં આજે પ્રવાસન વિભાગની પૂરક માંગણી અંગેની ચર્ચામાં મહેશભાઈએ ભાગ લઈ કાગધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા રજૂઆત કરી હતી.

# સૌરાષ્ટ્રનું અગ્રીમ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ઘઉં અને ચણાની આવકથી ઉભરાયું

ગોંડલ,તા.૨૦



તસ્વીર : ભોજાણી દેવાંગ

સૌરાષ્ટ્રના અગ્રણી ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઘઉં અને ચણાની સિઝનમાં રેકોર્ડબ્રેક આવક નોંધાઈ હતી. યાર્ડમાં ઘઉંના ૧.૨૫ લાખ કટ્ટા અને ચણાના ૭૦ થી ૮૦ હજાર કટ્ટાની આવક થતા યાર્ડ ઉભરાયું હતું. યાર્ડની બહાર ૧૬૦૦થી વધુ વાહનોની નોંધણી થવા પામી હતી. હરાજીમાં ઘઉંના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૪૭૦ થી ૬૫૦ સુધી બોલાયા હતા, જ્યારે દેશી ચણાના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૯૦૦ થી ૧૦૫૦ સુધી બોલાયા હતા. યાર્ડના સત્તાધીશો દ્વારા ઘઉં અને ચણાની આવકને લઈને અન્ય જાહેરાત ન થાય ત્યાં સુધી આવક સદંતર બંધ કરવામાં આવી છે.

# શ્રીલાલ શુક્લ જન્મ શતાબ્દી વર્ષ: લખનૌમાં ઈફ્કો દ્વારા ભવ્ય કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા. ૨૦

સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રીલાલ શુક્લજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ઈફ્કો દ્વારા લખનૌ ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીલાલ શુક્લજીના જીવન-કવનને વિવિધ કાર્યક્રમોના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું હતું, જેણે સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સહિત અનેક ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચિત્ર અને પુસ્તક પ્રદર્શન, સંગીત સમારોહ, લઘુ ફિલ્મ પ્રદર્શન, સ્મૃતિ વક્તવ્ય, નાટ્યકલા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા, ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રી સૂર્યપ્રતાપ



શાહી, સહકાર રાજ્ય મંત્રી જે.પી. એસ. રાઠોડ, ઈફ્કોના પ્રબંધન નિર્દેશક ડો. યુ.એસ. અવસ્થિ, અભિનેતા પંકજ ત્રિપાઠી, લેખક મહેન્દ્ર ભીષ્મ સહિતના અનેક મહાનુભાવોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં યતીન્દ્ર મિશ્ર, પ્રોફેસર આલોક રાય, માલિની અવસ્થી, આશુતોષ શુક્લ, જયપ્રકાશ કદમ, હિમાંશુ વાજપેયી, નરેશ સક્સેના, વંદના મિશ્ર, અખિલેશ અને ઉત્કર્ષ શુક્લ જેવા કલાકારો અને કવિઓએ પોતાની કલાથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

# સામાજીક અગ્રણી કાળુભાઈ ભંડેરીનાં મોટાભાઈનું અવસાન થતાં અગ્રણીઓ દ્વારા સાંત્વના પાઠવાઈ



અમરેલી, તા.૨૦

અમરેલીનાં સામાજીક અગ્રણી અને જાણીતા ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરીના મોટાભાઈ દેવરાજભાઈ મકનભાઈ ભંડેરી(ઉ.વ.૮૨)નું દુઃખદ અવસાન થયેલ હોય મોટી સંખ્યામાં રાજકીય અને સામાજીક અગ્રણીઓએ સદ્‌ગતને અશ્રુભરી શ્રધ્ધાંજલિ આપી હતી અને ભંડેરી પરિવારને સાંત્વના પાઠવી હતી.

# અમરેલીનાંલાઠીરોડપરઆગ લાગી : અંતે મોકડ્રીલ જાહેર કરાઈ

અમરેલી,તા.૨૦

અમરેલી લાઠી રોડ પર આવેલ માણેકસ્થંભ કોમ્પ્લેક્ષમાં આગ લાગી હતી. જેને અંતે મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. સુરત, રાજકોટમાં થયેલા અગ્નિકાંડ બાદ ફાયર વિભાગ એકશન મોડમાં દેખાઈ રહ્યુ છે. જો અમરેલીમાં આવી ઘટનાઓ બને તો શું કરવું તે અંગે શહેરના વિવિધ વિસ્તારોમાં મોકડ્રીલનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું કે બિલ્ડીંગમાં રહેતા લોકો જયારે આગ લાગે ત્યારે બેબાકળા બની જતા હોય છે. આગ લાગે ત્યારે શું કરવું, શું કાળજી લેવી તે અંગે લોકોને સમજણ મળે તે માટે ફાયર વિભાગ દ્વારા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલ સમયે ઘાયલ લોકોને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. મોકડ્રીલ સમયે લાઠી રોડ બંધ કરી દેવાયો હતો. મોકડ્રીલ સમયે પ્રાંત અધિકારી, પોલીસ અને પીજીવીસીએલની ટીમ હાજર રહી હતી.

# જામકંડોરણાના રાજપરા ગામના ફાર્મમાંથી પોલીસે ૭૦૧૬ બોટલ ઈંગ્લીશ દારૂના જથ્થા સહિત બે ઈસમોની ધરપકડ કરી

જામકંડોરણા, તા.૨૦

જામકંડોરણાના રાજપરા ગામની સીમમાં કટીંગ વખતે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડો પાડીને ૭૦૧૬ બોટલ ઈંગ્લીશ દારૂના જથ્થા સહિત રૂ. ૬૮ લાખ ૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત બે ઈસમોની ધરપકડ કરી હતી. સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમને રાજપરા ગામના જીતેન્દ્રસિંહના



ફાર્મ ખાતે ટ્રકમાં પંજાબથી દારૂ લાવવામાં આવ્યો છે તેવી બાતમી મળી હતી. આથી ટીમે ફાર્મ હાઉસમાં કટિંગ વખતે દરોડો પાડીને ઈંગ્લીશ દારૂનો જથ્થો તથા જામનગરનાં બે શખ્સોને ઝડપી પાડયા હતા. અન્ય આરોપીઓને ઝડપવા શોધખોળ હાથ ધરીને જામકંડોરણા તાલુકા પોલીસ મથક ખાતે ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી હતી. આવી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્થળ પરથી ટ્રક, કાર, દારૂની ૭૦૧૬ બોટલ, પાંચ મોબાઈલ ફોન, ટ્રકમાં દારૂ છુપાવવા ભરેલ ૨૩૦ બોરી પશુ આહાર ખાણદાણ વગેરે જપ્ત કર્યા હતા. આ કેસમાં યશપાલસિંહ જાડેજા રહે.જામનગર અને રમેશ ઉર્ફે ચકો ઈશ્વરભાઈની ધરપકડ કરી હતી.

# બાબાપુરથી ગોપાલગ્રામનો માર્ગ બિસ્માર હાલતમાં, વારંવાર સર્જાતા અકસ્માત

બાબાપુર તા.૨૦

બાબાપુરથી ગોપાલગ્રામ સુધી છેલ્લાં ઘણા સમયથી માર્ગ બિસ્માર હાલતમાં છે. આ બાબતે ગ્રામજનો દ્વારા અવારનવાર રજૂઆત પણ કરવામાં આવી છે. આમ છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કામગીરી કરવામાં આવી નથી. રસ્તો બનાવવા માટે તંત્ર દ્વારા માત્ર વાયદાઓ આપવામાં આવે છે. બિસ્માર



તસ્વીર : હસુભાઈ રાવલ

માર્ગને કારણે વારંવાર અકસ્માત થતા રહે છે. થોડા દિવસ પહેલા જ સરંભડાના એક એક શિક્ષકનો અકસ્માત થયો હતો. વધુ કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ બને તે પહેલા જ આ માર્ગ રીપેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ધોરાજીની ભાદર નદીમાં માછલીઓનાં મોતથી જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી

ધોરાજી,તા.૨૦



તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજીનાં વેગડી, તરેવડા ગામ પાસે ભાદર નદીમાં માછલીઓનાં મોત નિપજતાં જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી હતી. આ અંગે સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે ભાદર નદીનાં તરેવડા કાંઠે ઘણી માછલીઓ મોતને ભેટી છે. બે-ત્રણ વર્ષ પહેલાં પણ હજારોની સંખ્યામાં મૃત માછલીઓ નદીમાં જોવા મળી હતી, ત્યારે ફરીથી ભાદર નદીમાં મરેલ માછલીઓ જોવા મળતાં અરેરાટી વ્યાપી છે. આ અંગે તંત્ર દ્વારા તપાસ થાય તેવી લોકો માગણી કરી રહ્યા છે.

# ઉનાના તડ ચેકપોસ્ટ પાસેથી એલસીબી બ્રાન્ચે બાઈકમાંથી દારૂનો જથ્થો ઝડપ્યો

ઉના, તા. ૨૦

ઉના નજીક કેન્દ્ર શાસિત પ્રદેશ દિવથી બુટલેગરો દારૂની હેરાફેરી કરી રહ્યા હોવાની બાતમી પોલીસને મળતા જિલ્લા એલસીબી બ્રાન્ચે તડ ચેકપોસ્ટ પાસે દીવથી આવતી બાઈકને રોકાવી તલાશી લીધી હતી. જેમાં બાઈકની સીટ નીચેથી વિદેશી દારૂની ૯૪ બોટલો મળી આવી હતી. પોલીસે બાઈક સહિત કુલ



રૂ. ૬૪ હજારના મુદ્દામાલ સાથે નરેશ ગોવિંદ બાંભણીયાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાઠી વિસ્તારમાં અસામાજીક તત્વો વિરૂધ્ધ પોલીસની ઘોંસ

**લાઠી પોલીસે જુદા જુદા ૬ ઈસમો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી**

લાઠી, તા.૨૦

અમરેલી જિલ્લામાં અસામાજીક તત્વો પર કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ૧૧૩ ઈસમોની યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં લાઠી પોલીસ



દ્વારા પીજીવીસીએલની ટીમને સાથે રાખી શહેર વિસ્તારમાં રહેતા મહેશ ઉર્ફે મયલો સાકરીયા, રમેશ સાકરીયા, નિલેશ સાકરીયાનાં ઘરે તપાસ કરાતાં ૧૬૦૦૦નું વીજબીલ બાકી હોય જે બાબતે કનેકશન કાપી તથા કાગળ વગરનાં મોટરસાયકલને ડિટેઈન કરવામાં આવેલ છે. ઉપરાંત ભરત મેરનાં ઘરે આર.ટી.ઓ. નાં કાગળ ન હોય મોટરસાયકલ ડિટેઈન કરવામાં આવેલ છે. તથા કિશોર ચારોલીયાને ત્યાં તપાસ કરતા ૨૦૦ લીટર દેશી દારૂ મળી આવેલ છે. પોલીસે તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉના એચ.એમ.વી. આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજનો ૪૦મો તેજસ્વિતા સન્માન સમારોહ યોજાયો

ઉના,તા.૨૦

ગુપ્ત પ્રયાગ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એચ.એમ.વી. આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, દેલવાડા-ઉના દ્વારા ૪૦મો તેજસ્વિતા સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર અને શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર ૧૫૮થી વધુ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાણીતા પુસ્તકપ્રેમી ઉકાભાઈ વઘાસિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ડી. પુષ્પસેનભાઈ કાપડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પી. એમ. ધાંધલાએ



મહાનુભાવોનું સ્વાગત અને પરિચય આપ્યો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા અને સાહિત્યકાર ગીશબેન ભટ્ટે વિદ્યાર્થીઓને પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ સમારોહમાં નલિનીબહેન ભટ્ટ, લલિતભાઈ બારેયા, મહેન્દ્રભાઈ જોશી અને પીનાકીનભાઈ ભટ્ટે ખાસ હાજરી આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. એલ. ઝાલા અને ભાવેશભાઈ પરમારે કર્યું હતું. ડો. કપિલાબેન વસાવાએ સંદેશાઓનું વાંચન કર્યું હતું અને ડો. કેતન પીઠડિયાએ આભારવિધિ કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ ચંદ્રકાંતભાઈ સંઘવી અને સમગ્ર ટ્રસ્ટીગણે કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા સંદેશ પાઠવ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરના બજેટમાં પૂર્ણ રાજ્યનો દરજ્જો પૂનઃસ્થાપિત કરવાની ચર્ચા કરતા મુખ્યમંત્રી અબ્દુલ્લા

શ્રીનગર,તા.૨૦

જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા પછી મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ તેમની સરકારનું પહેલું બજેટ રજૂ કર્યું. આ પ્રસંગે તેમણે હકીમ ઈરફાન રશીદ સાથે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે જમ્મુ અને કાશ્મીરમાં કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે કામ કરવાના પડકારો, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા, વિપક્ષ ભાજપનો સામનો કરવા અને આવક પેદા કરવા માટે કેટલીક સંપત્તિ વેચવાની યોજનાઓ પર ખુલ્લેઆમ વાત કરી હતી. ઓમર અબ્દુલ્લાને વિશ્વાસ છે કે જમ્મુ અને કાશ્મીરને ફરીથી પૂર્ણ રાજ્યનો દરજ્જો મળશે. બસ સમયની વાત છે. જમ્મુ અને કાશ્મીરના લોકોને આપેલું વચન પૂર્ણ કરવામાં આવશે. આના પર કામ ચાલી રહ્યું છે અને ચર્ચાઓ ચાલુ છે. સ્વાભાવિક છે કે, કેટલીક બાબતો પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના સ્તરે બને છે, જેનો



ખુલાસો હવે કરી શકાતો નથી. તે કહે છે કે મને આશા છે કે તે ફક્ત સમયની વાત છે. જમ્મુ અને કાશ્મીરના લોકોને આપેલું વચન પૂર્ણ કરવામાં આવશે. આ કાર્ય ચાલુ છે અને ચર્ચાઓ ચાલુ છે. સ્વાભાવિક છે કે, વડાપ્રધાન અને ગૃહમંત્રી સ્તરે કેટલીક બાબતો ચર્ચા હેઠળ છે જે હાલમાં વ્યાપકપણે પ્રસારિત કરવા યોગ્ય નથી. ઓમર અબ્દુલ્લાએ સ્પષ્ટતા કરી કે હિમાચલ જેવા સંરક્ષણ માટેની વાતચીત કેન્દ્ર સરકાર સાથે નહીં પરંતુ વિધાનસભામાં તેમની વચ્ચે થઈ રહી છે. તે ફક્ત પડોશી રાજ્યો અને જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિની તુલના કરી રહ્યા છે.

# ૧૩ મહિનાથી વિરોધ કરી રહેલા ખેડૂતોને શંભુ અને ખાનૌની સરહદ પરથી દુર કરતી પંજાબ સરકાર

ચંડીગઢ,તા.૨૦

પંજાબની ભગવંત માન સરકારે શંભુ અને ખાનૌની સરહદ પરથી ૧૩ મહિનાથી વિરોધ કરી રહેલા ખેડૂતોને દૂર કર્યા છે. હવે, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને દિલ્હી વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આતિશીનું આ અંગે એક નિવેદન બહાર આવ્યું છે. આતિશીએ કહ્યું કે આમ આદમી પાર્ટી હંમેશા ખેડૂતોની સાથે ઉભી રહી છે. જ્યારે કેન્દ્ર સરકારે કાળા



કાયદા પસાર કર્યા ત્યારે આમ આદમી પાર્ટીએ ખેડૂતોને ટેકો આપ્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે ખેડૂતો એક વર્ષથી સરહદ પર બેઠા હતા. પંજાબના અર્થતંત્રને ભારે નુકસાન થઈ રહ્યું હતું. ધંધા અને રોજગાર માટે હાઈવે ખુલ્લો કરવો જરૂરી હતો. આ પંજાબની જીવાદોરી છે. જો રોજગાર ન હોય તો યુવાનો ડ્રગ્સ તરફ વળે છે. પંજાબ સરકારે ડ્રગ્સના વ્યસન સામે ઝુંબેશ શરૂ કરી છે. અમે હજુ પણ ખેડૂતોની સાથે છીએ. પંજાબ પોલીસે બુધવારે મોડી રાત્રે શંભુ અને ખાનૌરી બોર્ડર પરથી એક વર્ષથી વધુ સમયથી કેમ્પિંગ કરી રહેલા ખેડૂતોને દૂર કર્યા છે. આ સાથે, ખેડૂત નેતાઓ સરવન સિંહ પંધેર અને જગજીત સિંહ દલેવાલ સહિત લગભગ ૨૦૦ વિરોધ કરી રહેલા ખેડૂતોની અટકાયત કરવામાં આવી છે.

# મહિલાઓને દર મહિને નાણાકીય સહાય આપવાનું પ્રધાનમંત્રીનું વચન ખોટુ : આતિશી

નવીદિલ્હી, તા.૨૦

દિલ્હીની ચૂંટણી દરમિયાન, બધા પક્ષોએ જે એક મતબેંક પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું તે મહિલા મતબેંક હતી. શાંત મતદારોને જીતવા માટે, પક્ષોએ તેમના માટે ઘણી યોજનાઓ શરૂ કરવાનું વચન આપ્યું હતું અને તેમાંથી એક વચન એ હતું કે મહિલાઓને દર મહિને નાણાકીય સહાય આપવામાં આવશે. જ્યાં આમ આદમી પાર્ટીએ મહિલાઓને ૨૧૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. તે જ સમયે, સત્તામાં રહેલી ભાજપ પાર્ટીએ પણ ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. જીત્યા બાદ, સીએમ રેખા ગુપ્તાએ જાહેરાત કરી હતી કે સહાયનો પહેલો હપ્તો ૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ મહિલાઓના ખાતામાં જમા કરવામાં આવશે, પરંતુ હવે ભૂતપૂર્વ સીએમ આતિશીએ આ યોજનાને લઈને ભાજપને ઘેરી લીધો છે. આતિશીએ પાર્ટીને એમ પણ પૂછ્યું છે કે મહિલાઓના ખાતામાં પૈસા ક્યારે આવશે.

# માતા વૈષ્ણો દેવી મંદિરમાં દાનની બમ્પર આવક ૨૦૨૪-૨૫માં રૂ.૧૭૧.૯૦ કરોડનું દાન મળ્યું

જમ્મુ,તા.૨૦

છેલ્લા પાંચ વર્ષમાં માતા વૈષ્ણો દેવી મંદિરમાં દાનમાં નોંધપાત્ર વધારો થયો છે. આરટીઆઈમાં જાણવા મળ્યું છે કે ૨૦૨૦-૨૧માં ૬૩.૮૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું, જે ૨૦૨૪-૨૫માં (જાન્યુઆરી સુધી) વધીને ૧૭૧.૯૦ કરોડ રૂપિયા થયું છે. સોના અને ચાંદીના પ્રસાદમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.



શ્રાઈન બોર્ડ અનુસાર, સોનાનો પ્રસાદ ૯ કિલોથી વધીને ૨૭.૭ કિલો અને ચાંદી ૭૫૩ કિલોથી વધીને ૩,૪૨૪ કિલો થઈ ગઈ છે. જમ્મુના આરટીઆઈ કાર્યકર્તા રમણ શર્માની અરજીના જવાબમાં આ માહિતી પ્રકાશમાં આવી છે. જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરમાં ભક્તો તરફથી મળતા દાનમાં સતત વધારો થઈ રહ્યો છે. શ્રાઈન બોર્ડે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં દાન ૬૩.૮૫ કરોડ રૂપિયા હતું. વર્ષ ૨૦૨૧-૨૨ માં, તે વધીને રૂ. ૧૬૬.૬૮ કરોડ થયું. ૨૦૨૨-૨૩માં, તે વધુ વધીને ૨૨૩.૧૨ કરોડ રૂપિયા થયું હતું.

# સૂત્ર લખેલા ટી-શર્ટ પહેરી ગૃહમાં ન આવવા લોકસભા સ્પીકરની કડક સૂચના

નવીદિલ્હી,તા.૨૦

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગુરુવારે વિપક્ષના સભ્યોને ગૃહ શરૂ થાય ત્યારે સૂત્રો લખેલા ટી-શર્ટ પહેરીને ગૃહમાં ન આવવા જણાવ્યું હતું. વિપક્ષી સભ્યોને સૂચના આપતાં તેમણે લોકસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી. ગૃહની કાર્યવાહી શરૂ થતાં, બિરલાએ વિપક્ષી સભ્યોને કહ્યું, 'ગૃહ શિષ્ટાચાર અને ગૌરવ સાથે ચાલે છે. હું કેટલાક દિવસોથી જોઈ રહ્યો છું કે સભ્યો ગૃહની ગરિમાનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને ગૃહના નિયમો અને પ્રક્રિયાઓનું પાલન કરી રહ્યા નથી'. લોકસભાના અધ્યક્ષે કહ્યું, 'તમારે નિયમ નંબર ૩૪૯ વાંચવો જોઈએ.' ગૃહની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે વ્યક્તિએ કેવું વર્તન કરવું જોઈએ અને કેવા પ્રકારનું વર્તન રાખવું જોઈએ તે વિશે તેમાં લખ્યું છે. બિરલાએ વિપક્ષી સભ્યોને ચેતવણી આપતા કહ્યું, 'જો તમે અહીં સૂત્રો લખેલા ટી-શર્ટ પહેરીને આવો છો, સૂત્રોચ્ચાર કરો છો, લખેલા સૂત્રો સાથે આવો છો, તો ગૃહની કાર્યવાહી ચલાવવામાં આવશે નહીં.'

# બિહારમાં કેન્દ્રિય મંત્રી નિત્યાનંદ રાયના બે ભત્રીજા વચ્ચે લોહીયાળ અથડામણ, ગોળીબારમાં એકનું મોત

ભાગલપુર,તા.૨૦

બિહારના ભાગલપુર જિલ્લામાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયના બે ભત્રીજાઓ વચ્ચે લોહિયાળ અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ, કેન્દ્રીય મંત્રીના ભત્રીજાએ પોતાના જ ભાઈને ગોળી મારી દીધી હતી. આ ગોળીબારમાં કેન્દ્રીય મંત્રીના ભત્રીજાનું મોત થયું હતું. તે જ સમયે, નિત્યાનંદ રાયના બીજા ભત્રીજાને ગંભીર ઈજા થઈ છે. આ સમગ્ર મામલા વિશે અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, બિહારના ભાગલપુરમાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયના બે ભત્રીજાઓ વચ્ચે પાણી અંગેના નાના વિવાદને લઈને લોહિયાળ અથડામણ થઈ હતી. મંત્રીના ભત્રીજાએ પોતાના જ ભાઈને ગોળી મારી દીધી. આ ઘટનામાં મંત્રીના એક ભત્રીજાનું મોત થયું છે જ્યારે બીજા ભત્રીજાને ગંભીર ઈજા થઈ છે. ભાગલપુરમાં



થયેલા આ ગુનાહિત વિવાદમાં નિત્યાનંદ રાયના ભત્રીજા વિશ્વજીત યાદવનું મૃત્યુ થયું હતું. તે જ સમયે, તેમના બીજા ભત્રીજા જયજીત યાદવની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ઘટના અંગે મળેલી માહિતી અનુસાર, ભાઈઓ વચ્ચેના વિવાદમાં મધ્યસ્થી કરવા આવેલી માતાને પણ હાથમાં ગોળી વાગી હતી. આ સમગ્ર ઘટના અંગે નૌગાછિયા એસપી પ્રેરણા કુમારે જણાવ્યું હતું કે- ''અમને માહિતી મળી હતી કે સવારે ૭.૩૦ વાગ્યે જગતપુર ગામમાં બે ભાઈઓએ એકબીજા પર ગોળીબાર કર્યો હતો.''

# બંગાળ વિધાનસભાએ મહિલાઓને બારમાં કામ કરવાની મંજૂરી આપતું નવું બિલ પસાર કર્યું

કોલકતા,તા.૨૦

પશ્ચિમ બંગાળમાં હવે મહિલાઓ બારમાં કામ કરી શકશે. આ માટે વિધાનસભામાં એક બિલ પસાર કરવામાં આવ્યું છે. હવે મહિલાઓને બારમાં દારૂ પીરસવાની મંજૂરી આપવામાં આવશે. આમાં, બંગાળ એક્સાઈઝ એક્ટ, ૧૯૦૯ માં સુધારો કરવામાં આવ્યો છે. જેથી મહિલાઓને ઓન કેટેગરીની દારૂની દુકાનોમાં નોકરી આપી શકાય અને



અહીં તેમના કામ કરવા પરનો પ્રતિબંધ હટાવી શકાય. આ પ્રકારના પ્રતિબંધને ભેદભાવના દૃષ્ટિકોણથી જોવામાં આવી રહ્યો હતો. આવી સ્થિતિમાં, હવે જે મહિલાઓ બારમાં કામ કરવા માંગે છે તેઓ પોતાની મરજીથી ત્યાં જઈ શકે છે. પશ્ચિમ બંગાળ નાણા બિલ, ૨૦૨૫ રાજ્યમંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્ય દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. બિલ પર ચર્ચા કરતી વખતે ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું કે રાજ્ય સરકાર સ્ત્રી અને પુરુષ વચ્ચેના ભેદભાવમાં માનતી નથી. તેમણે કહ્યું કે બિલની અન્ય જોગવાઈઓ ઉપરાંત, તે રાજ્ય સરકારને ગેરકાયદેસર દારૂના ઉત્પાદનને રોકવા માટે ગોળ અને અન્ય કાચા માલના પુરવઠા પર દેખરેખ રાખવાની સત્તા આપે છે.

# મહાકુંભના ૪૫ દિવસમાં ત્રણ કરોડ લોકોએ રામલલ્લાના દર્શન કર્યા : બે મહિનામાં રૂ.૨૬.૮૯ કરોડનું દાન

લખનૌ,તા.૨૦

મહાકુંભના ૪૫ દિવસમાં ત્રણ કરોડ લોકોએ રામલલાના દર્શન કર્યા હતા. અયોધ્યા આવતા ભક્તોએ ઉદારતાથી ભંડોળનું દાન કર્યું હતું. ૪૫ દિવસમાં, ભક્તોએ વિવિધ માધ્યમો દ્વારા રામલલાને ૨૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં કુલ ૨૬.૮૯ કરોડ રૂપિયાનું દાન મળ્યું. આ સમયગાળા દરમિયાન, ૫૭



લાખ રૂપિયાનું વિદેશી દાન પણ પ્રાપ્ત થયું છે. મહાકુંભની રામનગરીના અર્થતંત્ર પર પણ સકારાત્મક અસર પડી છે. મહાકુંભના ૪૫ દિવસ દરમિયાન અયોધ્યામાં આશરે ૨૫૦૦ કરોડ રૂપિયાનો વ્યવસાય થયો હોવાની ધારણા છે. સ્થાનિક લોકો નાની નોકરીઓમાંથી ઘણું કમાતા હતા. દરરોજ સાડા ત્રણથી ચાર લાખ ભક્તો રામલલાના દરબારમાં દર્શન અને પૂજા કરતા હતા. ભક્તોની અણધારી ભીડને કારણે, રામ મંદિર દરરોજ ૧૮ થી ૧૯ કલાક માટે ખુલ્લું રાખવું પડ્યું હતું.

# મહારાષ્ટ્ર સરકારના મંત્રીઓને મુખ્યમંત્રીની સલાહ: સમાજમાં નફરત પેદા કરવાનું ટાળો

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બુધવારે તેમના કેબિનેટ સાથીદારોને સલાહ આપી હતી કે તેઓ ખાતરી કરે કે તેમના નિવેદનો સમાજમાં દ્વેષ અને નફરત ન ફેલાવે. તેમણે મંત્રીઓને યાદ અપાવ્યું કે તેમણે સ્વર્ગસ્થ ભાજપના નેતા અને ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના 'રાજધર્મ'નું પાલન કરવું જોઈએ. મુખ્યમંત્રી ફડણવીસની ટિપ્પણી બે દિવસ



પહેલા નાગપુરમાં ફાટી નીકળેલી હિંસા અને ભાજપના મંત્રી નિતેશ રાણેના તાજેતરના વિવાદાસ્પદ નિવેદનોના સંદર્ભમાં આવી હતી, જોકે તેમણે કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ લીધું ન હતું.

# વિશ્વના ખુશ દેશોની યાદીમાં ભારત ૧૧૮મા ક્રમે : પાકિસ્તાન અને નેપાળ ભારતથી આગળ

નવીદિલ્હી,તા.૨૦

ફિનલેન્ડના લોકો ખૂબ ખુશ છે. વિશ્વનો આ સૌથી ખુશ દેશ સતત આઠમા વર્ષે વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં પોતાનું નંબર ૧ રેન્કિંગ જાળવી રાખવામાં સફળ રહ્યો છે. ભારત માટે ફરી એકવાર ખરાબ સમાચાર છે. આ વખતે ૧૪૭ દેશોની આ યાદીમાં ભારત ૧૧૮મા ક્રમે છે. ગયા વખતે ભારત આ યાદીમાં ૧૨૬મા સ્થાને હતું.



હેપ્પીનેસ ઈન્ડેક્સમાં પાકિસ્તાન ભારતથી ઉપર છે. ૨૦૨૫ની યાદીમાં તેમને ૧૦૯મું સ્થાન મળ્યું છે. નેપાળ પણ ભારતથી ઉપર છે, તેને ૯૨મું સ્થાન મળ્યું છે. આ અહેવાલ ગુરુવાર, ૨૦ માર્ચના રોજ ઓક્સફર્ડ યુનિવર્સિટીના વેલબીઈંગ રિસર્ચ સેન્ટર દ્વારા ગેલપ અને યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક સાથે ભાગીદારીમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં ૧૪૭ દેશોના લોકોને પૂછવામાં આવ્યું કે તેઓ કેટલા ખુશ છે.

# ગાઝામાં હમાસના ઠેકાણા પર ઈઝરાયલનો ફરી બોમ્બમારો, પાંચ પેલેસ્ટિનિયનના મોત

ગાઝા,તા.૨૦

ઈઝરાયલે હમાસના લશ્કરી સ્થળ પર હુમલો કર્યો હતો. ઈઝરાયલે બુધવારે ગાઝા પટ્ટીમાં ફરી એક વાર ભીષણ હુમલા કર્યા છે. ઈઝરાયલી હુમલામાં ઓછામાં ઓછા પાંચ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાઝા શહેરના સાબ્રા ઉપનગરમાં એક ઘર પર ઈઝરાયલી હવાઈ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા, જ્યારે



ઉત્તરમાં બેટ હાનૌન શહેરમાં થયેલા અન્ય હવાઈ હુમલામાં બે લોકો માર્યા ગયા હતા અને છ અન્ય ઘાયલ થયા હતા. ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે ઉત્તરી ગાઝામાં હમાસના એક ઠેકાણા પર હુમલો કર્યો હતો જ્યાંથી રોકેટ ફાયર કરવાની તૈયારીઓ થઈ રહી હતી. આ ઉપરાંત, ઈઝરાયલી નૌકાદળે ગાઝાના દરિયાકાંઠાના વિસ્તારમાં પણ અનેક જહાજો પર હુમલો કર્યો હતો. આ જહાજોનો ઉપયોગ હમાસ અને ઈસ્લામિક જેહાદ દ્વારા આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થવાનો હતો. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કે મંગળવારે ગાઝા પર હવાઈ હુમલા ''ફક્ત શરૂઆત'' છે અને ''જ્યાં સુધી હુમલા ચાલુ રહેશે'' ત્યાં સુધી યુદ્ધવિરામની વાટાઘાટો થશે નહીં.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થયેલા હુમલાની ઘોર નિંદા કરતું અમેરિકા

ઢાકા,તા.૨૦

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલાઓને લઈને અમેરિકાએ મોટું નિવેદન આપ્યું છે. અમેરિકાએ કહ્યું કે તે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલાઓની નિંદા કરે છે. અમેરિકાએ કહ્યું કે ''અમે લઘુમતીઓ સામે આવી હિંસા અને અસહિષ્ણુતાની વિરુદ્ધ છીએ. અમે કોઈપણ દેશમાં લઘુમતી સમુદાયોના સભ્યો પ્રત્યે હિંસા અથવા અસહિષ્ણુતાની કોઈપણ ઘટનાની નિંદા કરીએ છીએ.'' આ દરમિયાન અમેરિકાએ એમ પણ કહ્યું કે અમે બાંગ્લાદેશમાં દરેકની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ત્યાંની વચગાળાની સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંનું સ્વાગત કરીએ છીએ. અમેરિકાએ કહ્યું કે અમે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાઓ પર નજર રાખી રહ્યા છીએ. આપણે આ સતત જોઈ રહ્યા છીએ. આને રોકવા માટે બાંગ્લાદેશે જે પગલાં લીધાં છે,



અમને આશા છે કે તે ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. આ જ આપણે આશા રાખીએ છીએ. બાંગ્લાદેશ પર રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશક તુલસી ગબાર્ડની તાજેતરની ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવતા, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે આ પ્રતિભાવ આપ્યો. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની હકાલપટ્ટી બાદથી હિન્દુઓને પસંદગીયુક્ત રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. હિન્દુઓના પૂજા સ્થાનો અને ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે, તેમના ઘરોને આગ લગાવવામાં આવી રહી છે.

# મુખ્યમંત્રીને મળે તે પહેલા જ ૫૦૦ આરોગ્યકર્મીઓની અટકાયત કરાઈ

**હડતાલ સમેટો નહીતર સરકાર કડક પગલા લેશે : ઋષિકેશ પટેલ**



ગાંધીનગર,તા.૨૦

ગુજરાત પંચાયત વિભાગના આરોગ્ય કર્મચારીઓએ પડતર માગણીઓને લઈને સરકાર સામે બાંયો ચડાવી છે. ૧૭ માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરેલા આરોગ્ય કર્મચારીઓ તા. ૨૦ના રોજ ગાંધીનગરમાં CMને મળવા પહોંચ્યા છે. એને લઈને ગાંધીનગર પોલીસ છાવણીમાં ફેરવાયું છે. કર્મચારીઓ વિધાનસભાનો ઘેરાવ કરી આંદોલન કરે એ પહેલાં ડામી દેવા માટે અટકાયત શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય કર્મચારીઓની હડતાળના લીધે આરોગ્યની સેવાઓ ખોરવાઈ શકે છે, જે જોખમને ધ્યાનમાં રાખી સરકારે દ્વારા 'એસ્મા' (ધ એસેન્શિયલ સર્વિસીઝ મેઈન્ટેનન્સ એક્ટ) લાગુ કરાઈ છે. આ અંગે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આરોગ્ય કર્મચારીઓની આ હડતાળ એકદમ ગેરવાજબી છે. જો કર્મચારીઓ વહેલી તકે હડતાળ નહીં સમેટે તો હવે સરકાર કડક પગલાં લેશે.

# ૧૦૦ કલાકના અલ્ટિમેટમ બાદ 'ગેંગ્સ ઓફ ગુજરાત'ની યાદી તૈયાર કરાઈ

અમદાવાદ,તા.૨૦

અમદાવાદમાં વસ્ત્રાલમાં હોળીની રાત્રે લુખ્ખાઓએ મચાવેલા આતંક બાદ રાજ્ય સરકાર સફાળી જાગી હતી અને ડીજીપીએ તમામ જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશનરોને ૧૦૦ કલાકનું અલ્ટિમેટમ આપી ગુનેગારોની યાદી તૈયાર કરવા આદેશ કર્યો હતો. શનિવારે (૧૫ માર્ચે) બપોરે ૩ વાગ્યે થયેલા આદેશને બુધવારે (૧૯ માર્ચે) સાંજે ૭ વાગ્યે ૧૦૦ કલાક પૂરા થતા જ 'ગેંગ્સ ઓફ ગુજરાત'ની યાદી સામે આવી ચૂકી છે. ગુજરાત પોલીસે ચાર મહાનગરો સહિત અલગ અલગ જિલ્લાના ૭૬૧૨ ગુનેગારોની કરમકુંડળી તૈયાર કરી કેડ ભાંગી નાખવાની કામગીરી શરૂ કરી દીધી છે. હાર્ડકોર ક્રિમિનલ સામે પાસા અને તડીપાર જેવાં



**ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવાશે**

પગલાં લેવાની સાથે સાથે જે લુખ્ખાઓએ ગેરકાયદે બાંધકામો ખડક્યાં હોય તેની તપાસ કરી તેના પર બુલડોઝર ફેરવી દેવાશે. ગુજરાત પોલીસ આજથી જ અમદાવાદ સહિતનાં શહેરોમાં એક્શનમાં જોવા મળશે.

# વલસાડના ભીલાડમાંથી ડ્રગ્સ સાથે બે નાઈજીરીયન યુવકોની ધરપકડ

વલસાડ,તા.૨૦

વલસાડના ભીલાડમાંથી ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ગુજરાત એસએમસીએ બાતમીના આધારે અને ભીલાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી લાખો રૂપિયાના ડ્રગ્સ સાથે ૨ની ધરપકડ કરી છે. આ નાઈજીરીયન યુવાનો ડ્રગ્સ સાથે ઝડપાતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. સૂત્રો મુજબ આ યુવાનો ભારતની બહાર કોઈ દેશમાંથી ડ્રગ્સ સપ્લાય કરવા માટે ભારત આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશમાં ગુજરાતના યુવાઓને ડ્રગ્સની બદીથી દુર રાખવા ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડી છે, ત્યારે રાજ્યમાંથી દારૂ, જુગાર ઉપરાંત ડ્રગ્સના કેસો શોધી કાઢીને માફિયાઓ સુધી પહોંચવા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા સ્ટેટ મોનિટરીંગ સેલ એસએમસી પોલીસ સ્ટેશનમાં ખાસ ટીમ બનાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. જે અંતર્ગત એસએમસી પોલીસ સ્ટેશનની ખાસ ટીમે ડ્રગ્સ સાથે એક નાઈજીરીયન યુવતીને નવસારીથી પકડી તેની સામે કાર્યવાહી શરૂ કરી હતી.

# પાલીતાણામાં ઝઘડામાં ભાઈએ સગા ભાઈનું ગળુ દબાવી કરી હત્યા

પાલીતાણા,તા.૨૦

પાલીતાણા શહેરના સર્વોદય સોસાયટીના નાકા પાસે મંગળવારે એક શંકાસ્પદ ઘટનામાં ૩૦ વર્ષીય ભગીરથસિંહ બટુકસિંહ ગોહિલનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું કે ભગીરથસિંહનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી



હતી અને આ હત્યામાં તેમના સગા ભાઈ મયુરસિંહ બટુકસિંહ ગોહિલનો હાથ હોવાનું સામે આવ્યું છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ભગીરથસિંહનું મોત ગળું દબાવવાના કારણે થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ તપાસ દરમિયાન મયુરસિંહ, જે

**પોલીસે ટીઆરબી જવાનની ધરપકડ કરી**

પાલીતાણામાં ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવે છે, તેની પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન મયુરસિંહે ગુનો કબુલ્યો અને જણાવ્યું કે ભાઈ સાથેના ઝઘડાના કારણે તેણે આ કૃત્ય કર્યું હતું.

# સુરતના હીરા વેપારીઓમાં ખળભળાટ : બેન્ક એકાઉન્ટ ફ્રીઝ થતા ૧૦૦ કરોડથી વધુ ફસાયા

સુરત,તા.૨૦

સુરતના હીરા વેપારીઓના ફરી એકવાર બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાતા ખળભળાટ મચી ગયો છે. સાઈબર ફ્રોડના નામે હૈદરાબાદ અને બેંગ્લોર પોલીસની સૂચનાથી બેંકોએ વેપારીઓના એકાઉન્ટ ફ્રીઝ કરતા આશરે રૂ. ૧૦૦ કરોડ ફસાયા હોવાની માહિતી સામે આવી છે. જેને લીધે વેપારીઓના આર્થિક વ્યવહારો પર અસર થતા ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજા રાજ્યની પોલીસ દ્વારા સમયાંતરે કરાઈ રહેલી આ પ્રકારની કાર્યવાહીથી આક્રોધિત હીરા વેપારીઓ આગામી દિવસોમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને રજૂઆત કરનાર છે. છેલ્લા બે-ત્રણ દિવસ દરમિયાન એક પછી એક સુરતના ૩૨ વેપારીઓના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યા છે. આ આંકડો હજી વધવાનો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. જેને લીધે બીજા હીરા વેપારીઓની પણ ઊંઘ ઉડી ગઈ છે, કારણ કે આ રીતે એકલ-દોકલ વેપારીઓ તો સમયાંતરે નિશાન બનતા હોય છે.

# કતારગામમાં હીરા દલાલને માર મારવા બદલ પોલીસ અધિકારીઓ સામે ઈન્ક્વાયરીના આદેશ

સુરત,તા.૨૦

સુરતના કતારગામ ગોલ્ડનીવેરા સોસાયટીમાં રહેતા વિશાલભાઈ ઘનશ્યામભાઈ ધામેલીયા હીરા દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કતારગામ પોલીસ સ્ટેશનમાં વિશાલ વિરુદ્ધ ૫૦ લાખથી વધુની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. કતારગામ પોલીસે વિશાલની ધરપકડ કરી હતી. પોલીસે વિશાલને

**હીરા દલાલને પીઆઈ, પીએસઆઈ સહિત ચાર પોલીસકર્મીઓએ માર માર્યો હતો**

કોર્ટમાં રજૂ કર્યો હતો. ત્યારે કોર્ટ સમક્ષ વિશાલે પોલીસે તેની સાથે દુર્વ્યવહાર કર્યો હોવાની ફરિયાદ કરી હતી. આ કેસના ફરિયાદીના ભાઈની સામે માર્યો હતો, આ ફરિયાદ ચાલી જતા કોર્ટે પીઆઈ, પીએસઆઈ, રાઈટર અને કોન્સ્ટેબલ સામે ઈન્કવાયરી રજીસ્ટર કરવા હુકમ કર્યો હતો.






# ભરવાડ સમાજની ૭૫૦૦૦ બહેનોએ હુડા મહારાસ યોજી વિશ્વ વિક્રમ સર્જ્યો

ભાવનગર,તા.૨૦

ભરવાડ સમાજના આસ્થા કેન્દ્ર એવા નગાલાખા બાપાના ધામ - બાવળિયાળી ખાતે નિજમંદિરને પોણા ચારસો વર્ષ પૂર્ણ થવા નિમિત્તે મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અને ગોપ જ્ઞાન ગાથા સ્વરૂપે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



ભરવાડ સમાજની ૭૫,૦૦૦ બહેનો દ્વારા પરંપરાગત ગોપી હુડા મહારાસ યોજી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે. આ કાર્યક્રમમાં સંતો, મહંતો અને સમાજના અગ્રણીઓ સહિત ૨ લાખ કરતાં વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પવનની દિશા બદલાતા ગરમી વધશે : મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થશે

અમદાવાદ,તા.૨૦

ઉનાળાની શરૂઆત સાથે જ રાજ્યમાં તીવ્ર ગરમી શરૂ થઈ ગઈ છે. થોડા દિવસની રાહત બાદ ફરી તાપમાનમાં વધારો થયો છે, હવામાન વિભાગે પણ તીવ્ર ગરમીની આગાહી કરી છે. જે મુજબ, ૩ દિવસ પછી રાજ્યમાં ફરીથી ગરમીનું પ્રમાણ વધશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ગુજરાતમાં ૩ દિવસ પછી ગરમીની તીવ્રતા વધશે. પવનની દિશા બદલાતાં, ૨૨ માર્ચથી ગરમીની તીવ્રતા વધશે. ૨૧ માર્ચ સુધી મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો થશે. ૨૨ માર્ચથી મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થશે. આઈએમડી મુજબ, આગામી ૨-૩ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં મહત્તમ તાપમાન ૩૯-૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ કારણે આ વિસ્તારોમાં ગરમીનું મોજું આવવાની શક્યતા છે. આના કારણે, ૧૫ માર્ચથી ૧૯ માર્ચ દરમિયાન દક્ષિણ ગુજરાતનાં પ્રદેશોમાં, ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનો ફૂંકાયા



હતા. જેના કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આગાહી મુજબ અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૩૬ થી ૩૭ ડિગ્રી રહેશે. વધુમાં આજથી ગરમીથી શેકાવા તૈયાર રહેવું પડશે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન મહુવામાં ૩૮.૨ ડિગ્રી નોંધાયું છે, અમદાવાદમાં તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું, ગાંધીનગરમાં ૩૭.૪ ડિગ્રી તાપમાન, ડીસામાં ૩૮.૧, વડોદરામાં ૩૭ ડિગ્રી તાપમાન, સુરતમાં ૩૬, ભુજમાં ૩૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે, અમરેલીમાં ૩૬.૮, પોરબંદરમાં ૩૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ભાવનગરમાં ૩૫.૭, સુરેન્દ્રનગરમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૩૭.૭ ડિગ્રી તાપમાન, કેશોદમાં ૩૭.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે.


